# અવસર

સંપાદક

ધ્રુવી અમૃતિયા

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Avashar**
Druvi Amrutiya
©લેખકશ્રી
**અવસર**
ધ્રુવી અમૃતિયા
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦
નકલ : ૧૦૦૦
**કિંમત : રૂા. ૩૦/-**
**આવરણ**
દિપ્તી ચૌહાણ, બાકરોલ
**સજાવટ**
ગુર્જરી સાહિત્યાલય, ડાકોર
**મુદ્રક**
ચરોતર સાહિત્યાલય, નડીયાદ
**પ્રકાશક**
**એમ.એમ.સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

# અર્પણ

## ચિં. આલાપીને



## પ્રસ્તાવના

મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. એ કોઈ ગુફામાં રહેતો નથી કે નથી કશાયનો અન્તેવાસી! તે તો બુદ્ધિજીવી છે. વિચારશીલ છે. સતત મનન ચિંતન કરવું એ તેનો સ્વભાવ છે. પરિણામે તે તેના અંગત જીવનમાં ક્યારેક કોઈક અન્યના સદ્‌વિચારો શુભ વિચારોને સ્થાન આપે છે. અને જીવાતા જીવનને ''અવસર''ની જેમ ઉજવે છે. આશા છે આ સુવિચાર સંકલન જીવનને અવસરની જેમ ઊજવવાની તમામ વાચકોને પ્રેરણા પૂરી પાડે.

**ધ્રુવી અમૃતિયા**

૩૯૮, બાગેશ્રી બંગલા
મંગલેશ્વર, લીલાશા કુટિયા પાછળ
આદિપુર (કચ્છ)
મો.૯૩૭૭૫ ૫૯૪૯૪

## સુભાષિતો

(૧) ધન જ શ્રેષ્ઠ ધર્મ છે કારણ કે તેમાં બધું રહેલું છે.

(૨) ધનથી કુળ , આ લોક અને પરલોક મળે છે.

(૩) દાન વગરના ધનનો કશો અર્થ નથી.

(૪) અધર્મથી મેળવેલા ધન વડે દોષ ખુલ્લો થઈ જાય છે.

(૫) ચતુરાઈ ધન આપતી ઉત્તમ વસ્તુ છે.

(૬) દિવસના મધ્ય ભાગમાં ધન મેળવવાની પ્રવૃત્તિ કરવી જોઈએ.

(૭) ભાગ્યે જ ધન નિર્દોષ હોય છે.

(૮) બુદ્ધિથી ધનનો લાભ મળે છે.

(૯) ધર્મ ધનમાંથી વહે છે.

(૧૦) પાપીને ધન આપવાથી દુઃખ આવી પડે છે.

(૧૧) વૈશ્યોમાં ધનમાં મોટો હોય તે મોટો ગણાય છે.

(૧૨) આસક્તિથી પારકું ધન મેળવી તેને માટે શાસ્ત્રનું પ્રમાણ બતાવે છે.

(૧૩) મહેનતથી ખૂબ ધન મેળવી શકાય છે.

(૧૪) ધનનું અભિમાન સારા માણસને કાબૂમાં રાખનારો અંકુશ છે.





(૧૫) બધું ધન લૂંટાઈ જાય ત્યારે અસત્ય બોલવું પાપ ગણાતું નથી.

(૧૬) મનુષ્ય ધનથી સજ્જન બનતો નથી.

(૧૭) ચારિત્ર્ય વગરનાનું ધન નિરર્થક છે.

(૧૮) ધનવાળા માણસની બધા જ આશા રાખે છે.

(૧૯) સરખા ધનવાળા વચ્ચે લગ્નસંબંધ અને મિત્રતા થાય છે.

(૨૦) ધન આવે છે અને જાય છે, પરંતુ ચારિત્ર્ય તેનાથી ચઢિયાતું છે.

(૨૧) લક્ષ્મી ખૂબ ચંચળ છે.

(૨૨) લક્ષ્મી ઉત્સાહથી મળે છે.

(૨૩) માલિક ન હોવા છતાં અપમાન કરનાર લક્ષ્મી વગરનો બને છે.

(૨૪) અસંતોષીને લક્ષ્મી મળે છે.

(૨૫) નિંદા કરનારને લક્ષ્મી મળતી નથી.

(૨૬) વધારે કમાનારને લક્ષ્મીનો નાશ મરણ જેવો છે.

(૨૭) મદમસ્ત એવી લક્ષ્મી ક્યાંક જ ઊભી રહે છે.

(૨૮) ધર્મના મૂળવાળી લક્ષ્મી જ સ્થિર રહે છે.

(૨૯) લક્ષ્મી આળસુને નહીં, શક્તિશાળીને મળે છે.

(૩૦) કલ્યાણ ઈચ્છનારે લક્ષ્મીનો સત્કાર કરવો જોઈએ.

(૩૧) અવિનય લક્ષ્મીને હણે છે.

(૩૨) ધન ન હોવું એ મનુષ્યનો વધ છે.

(૩૩) પારકાના ધનની લાલસા રાખવી ખરાબ છે.

(૩૪) જીવન સમય પાક્યે છોડવું પડે છે, તે કાયમી નથી.

(૩૫) જીવતો રહેલો માણસ કલ્યાણ પામે છે. માટે ગમે તે કરી જીવતા રહેવું જોઈએ.

(૩૬) જીવન બ્રહ્મચર્યથી મેળવવું જોઈએ.

(૩૭) ધનવાળા માણસો જીવે છે.

(૩૮) જેને લીધે બીજાને આજીવિકા મળે છે તેનું જીવન સાર્થક છે.

(૩૯) મિત્રને દાનથી જીતનારા, શત્રુને હરાવનારા અને ખાનપાનથી પત્નીને જીતનારાનું જીવન સફળ છે.

(૪૦) જેની કીર્તિ નાશ પામે તેનું જીવન નાશ પામેલું છે.

(૪૧) જીવન ક્ષણભંગુર અને મરણમાં અંત પામનારું છે.

(૪૨) ખંતવાળો માણસ સુખથી જીવે છે.



(૪૩) જેનું ચારિત્ર્ય નાશ પામે તેનું જીવન નિરર્થક છે.

(૪૪) જીવનમાં સુખ કરતાં દુઃખ વધારે છે.

(૪૫) યોગ્ય કે અયોગ્ય સમય મુજબ કરેલું કાર્ય ફળ આપે છે.

(૪૬) સમય પ્રજાઓનો નાશ કરનાર, જગાડનાર અને વળોટવો મુશ્કેલ છે.

(૪૭) સમય અસ્તિત્વ કે અનસ્તિત્વ, સુખ કે દુઃખ બધાંનું કારણ છે.

(૪૮) સમય અજર અને અમર છે.

(૪૯) કાળ વડે બધા ખતમ થયા છે, કારણ કે કાળ શક્તિશાળી છે.

(૫૦) સમય દૂર કરી શકાય કે ઊલટસૂલટ કરી શકાય તેવો નથી.

(૫૧) સમય વસ્તુને ઊંધી બતાવે છે.

(૫૨) સમય જ પરમેશ્વર છે.

(૫૩) સમયનું કાર્ય સામે એકસરખું વર્તન હોય છે.

(૫૪) સમય પાક્યા વિના જન્મ, મરણ, યુવાની, સુખ, દુઃખ આવતાં નથી, બાળક બોલવાનું શરૂ કરતો નથી અને વાવેલું બી ઊગતું નથી.

(૫૫) કાર્ય કરવા માટે યોગ્ય સ્થળ અને યોગ્ય સમયની રાહ જોવી જોઈએ.

(૫૬) સમયને લીધે મનુષ્ય શુભ કે અશુભ સાથે જોડાય છે.

(૫૭) સમય ફરતાં મિત્ર શત્રુ અને શત્રુ મિત્ર બને છે.

(૫૮) સમય પ્રાણીઓને ભમાવે છે.

(૫૯) સમય પાકે એટલે શત્રુ પર હુમલો કરવો જોઈએ.

(૬૦) સમયના ફેરફાર અદ્‌ભૂત હોય છે.

(૬૧) સમયરૂપી સાગરમાં બધાં ડૂબી જાય છે, કોઈ જાગતું નથી.

(૬૨) કલ્યાણ ઈચ્છનારા માણસે ઊંઘ, તંદ્રા, ભય, ગુસ્સો, આળસ અને વિલંબથી કાર્ય એ છ દોષો છોડવા જોઈએ.

(૬૩) આળસ, મસ્તી, મોહ, ચંચળતા, વાતો કરવી, વિચાર ન કરવો, અભિમાન અને લોભ એ સાત દોષો વિદ્યાર્થીએ ન કરવા જોઈએ.

(૬૪) દુઃખમાં અંત પામનારું સુખ આળસ આપે છે, જ્યારે સુખ ઉપજાવનારું દુઃખ ચતુરાઈ આપે છે.

(૬૫) જે કામ ધર્મનું હોય તે અભિમાનથી કરવું જોઈએ નહીં.

(૬૬) કામ શરમનો અને ખરાબ માણસની સેવા ચારિત્ર્યનો નાશ કરે છે.





(૬૭) સાચા જ્ઞાનીએ અપમાનથી સંતોષ અને સન્માનથી દુઃખ પામવું જોઈએ.

(૬૮) વડીલોનું અપમાન એ જ તેમનો વધ છે. અભિમાન બધી વસ્તુનો નાશ કરે છે.

(૬૯) પોતાની જાતને પોતે અવગણવી નહીં. પોતાની જાતનો તિરસ્કાર પામનારને કલ્યાણ સંપત્તિ મળતી નથી.

(૭૦) માનથી ખુશ અને અપમાનથી દુઃખી ન થાય અને ક્ષોભ ન પામે તેને પ્રૌઢબુદ્ધિનો માણસ કહે છે.

(૭૧) આંધળો વિશ્વાસ ધર્મ અને અર્થનો નાશ કરે છે. બધા પર અવિશ્વાસ મૃત્યુ જેવો છે.

(૭૨) રાજાઓ માટે અવિશ્વાસ શ્રેષ્ઠ રહસ્ય છે.

(૭૩) શત્રુ તરફ અવિશ્વાસ રાખવાથી સુખ મળે છે.

(૭૪) સંશય, અશ્રદ્ધા અને અજ્ઞાન ધરાવતો મનુષ્ય નાશ પામે છે.

(૭૫) અશ્રદ્ધા મોટું પાપ છે, શ્રદ્ધા પાપમાંથી છોડાવનારી છે.

(૭૬) જીવ બચાવવા જૂઠું બોલવું એ પાપ નથી. ધર્મ માટે જૂઠું ના બોલવું.

(૭૭) લગ્ન સમયે, વિલાસક્રીડામાં, મૃત્યુ પ્રસંગે, બધું ધન નાશ પામે ત્યારે અને બ્રાહ્મણના માટે અસત્ય બોલવું એ પાપ નથી.

(૭૮) સત્ય એ ધર્મ છે. અસત્યથી વધુ ધારદાર બીજું કંઇ નથી.

(૭૯) બુદ્ધિથી અનિષ્ટને અટકાવી શકાય છે.

(૮૦) માનને લાયક માણસને માન મળે તો તે જીવતો છે, અપમાન મળે તો મરેલો છે. રોગી મરેલો છે.

(૮૧) પોતે પોતાના વખાણ કરે એ અસંસ્કારી માણસ છે.

(૮૨) દયા વગરનો માણસ ખરાબ છે.

(૮૩) નિમકહરામ માણસને કીર્તિ, સ્થાન અને સુખ મળતાં નથી. તેના પર કોઇ વિશ્વાસ કરતું નથી અને તેના માટે કોઇ પ્રાયશ્ચિત નથી.

(૮૪) કરેલા ઉપકારને ભૂલી જનાર માણસને બ્રહ્મહત્યાનું પાપ મળે છે.

(૮૫) ભૂલ કરનાર માણસને સારી વસ્તુઓ છોડી જાય છે, ખરાબ વસ્તુઓ મળે છે. ભૂલ એ સૌથી મોટો વધ છે.

(૮૬) બીજાની નિંદા કરવાથી ખરાબ માણસ ખુશ થાય છે અને સારો માણસ દુઃખી થાય છે.

(૮૭) ખરાબ માણસ સારા માણસને ખરાબ માણસ કહે તેનાથી વધુ હસાવનારું જગતમાં કંઇ નથી.

(૮૮) મરેલાની પાછળ શોક કરનાર માણસ દુઃખ મેળવે છે.





(૮૯) બાળકબુદ્ધિનો માણસ કામ શરૂ કરે છે, પણ તેમાં આવતાં વિઘ્નો જોતો નથી.

(૯૦) નાના બાળકને પહેલાં મનાઇ કરવી જોઇએ, પછી નહીં.

(૯૧) વેર બંધાયું હોય તેવા મિત્રનો પણ વિશ્વાસ ન કરવો જોઇએ.

(૯૨) મહાન માણસો વેર જાહેર કરતા નથી પણ શત્રુને હરાવે છે.

(૯૩) વેર લાંબા સમય સુધી ચાલે છે. બેમાંથી એક પક્ષનો નાશ થયા વિના તે ઠરતું નથી.

(૯૪) હલકી ચેષ્ટા કરનારને શોક થાય છે તે શોક જ તેનો શત્રુ છે.

(૯૫) સુખ દુઃખ, લાભ અલાભ વગેરે દ્વંદ્વોથી આનંદ કે શોક પામવો નહીં.

(૯૬) જ્ઞાની માણસો નાશ પામેલાનો શોક કરતા નથી.

(૯૭) પરવા ન કરાયેલા રોગો ભય ખડો કરે છે.

(૯૮) પ્રજામાં રોગચાળો રાજાને કારણે ફેલાય છે.

(૯૯) ગુસ્સાથી થયેલું માનસિક દુઃખ વધારે ખરાબ છે.

(૧૦૦)પાપી તરફ ગુસ્સો ન કરે તે અધમ માણસ છે.

(૧૦૨)વડીલનું અપમાન એ જ તેનો વધ છે.

(૧૦૩)વિદ્વાન માણસોને મન ‘તુંકારો’ વધ જેવો છે.

(૧૦૪)ભૂલ કરવી એ વધ છે.

(૧૦૫)મૃત્યુ આવી પહોંચ્યું હોય તેના વધ માટે ઘાસ વજ્રની ગરજ સારે છે.

(૧૦૬)વધ કરવા લાયકનો વધ ન કરવામાં અને વધ ન કરવા લાયકનો વધ કરવામાં સરખો જ દોષ રહેલો છે.

(૧૦૭)ભગવાન માટે ધર્મનો નાશ કરનારા માણસો વધ કરવા લાયક છે.

(૧૦૮)ધન ન હોવું એ મનુષ્યનો વધ છે.

(૧૦૯)અપકાર કરનાર શત્રુનો વધ કરવો જોઈએ.

(૧૧૦)ખરાબ માણસ તરફ હિંસા અને બીજા સાથે અહિંસા એ સારો ધર્મ છે.

(૧૧૧)બીજા દેવો કરતાં હણનારા દેવોને લોકો વધુ પૂજે છે.

(૧૧૨)શોકથી કાર્યનો નાશ થાય છે.

(૧૧૩)વિનાશ નજીક આવે ત્યારે અનીતિ દૂર જતી નથી.

(૧૧૪)છૂટાં પડેલાંનો નાશ ઝડપથી થાય છે.

(૧૧૫)વિનાશ કરનારો રાજા અન્યાયી હોય છે.

(૧૧૬)મનુષ્યનું શરીર વિનાશી છે.

(૧૧૭)નવાં વસ્ત્રોની જેમ આત્મા નવાં શરીરો બદલે છે.



(૧૧૮)સતત ધૈર્ય રાખવાથી શરીર નાશ પામતું નથી. શોક ન કરનારને સુખ અને શરીરનું આરોગ્ય મળે છે.

(૧૧૯)શરીર થાકે નહીં અને મૃત્યુ ન પામે તે રીતે કામ કરવું જોઈએ.

(૧૨૦)શરીર વડે જે કામ કરે તે શરીરથી તેનું ફળ મેળવે છે.

(૧૨૧)મરેલા શરીરને છોડી, સહેજ રોઈને, મોં ફેરવી લોકો ચાલ્યા જાય છે.

(૧૨૨)ધર્મમાં માણસે બુદ્ધિ રાખવી જોઈએ, કારણ કે ધર્મ ન પાળવાથી પસંદ ન પડે તેવી બુદ્ધિ થાય છે.

(૧૨૩)બાળપણ, યુવાની અને ઘડપણ મુજબ વિવિધ બુદ્ધિ થાય છે.

(૧૨૪)બુદ્ધિ વૃદ્ધિ કરનારી છે.

(૧૨૫)લાભની વાત બુદ્ધિશાળીઓમાં જ રહે છે.

(૧૨૬)દેવો જેમ થવાનું હોય તેવી બુદ્ધિ કરે છે.

(૧૨૭)બુદ્ધિશાલી માણસ ધન અને સમૃદ્ધિના જવા આવવાના ક્રમને જાણે છે.

(૧૨૮)બુદ્ધિશાળી માણસ આફતમાં ડૂબી જતો નથી.

(૧૨૯)બુદ્ધિથી ભાવિ અનિષ્ટને અટકાવી શકાય છે.

(૧૩૦)એક કામ કરવામાં બે માણસની બુદ્ધિ સરખી હોતી નથી.

(૧૩૧)બુદ્ધિશાળીનું ધન વધે છે અને ચતુરાઈવાળાનું ધન સંયમથી મજબૂત ખડું કરે છે.

(૧૩૨)બુદ્ધિશાળીના હાથ લાંબા હોવાથી તે હાનિ પહોંચાડી શકે છે તે તેના વિરોધીઓએ ધ્યાનમાં રાખવું જઈએ.

(૧૩૩)સારી બુદ્ધિ ખુશી આપે છે.

(૧૩૪)બુદ્ધિશાળી આવેલા સુખનો ત્યાગ કરી આવનારા સુખની આશા રાખતા નથી.

(૧૩૫)વૃદ્ધ સેવાથી બુદ્ધિ મળે છે.

(૧૩૬)નીચાના સંપર્કથી બુદ્ધિ ઓછી થાય છે, મધ્યમના સંપર્કથી મધ્યમ રહે છે અને ઉત્તમ લોકોના સંપર્કથી ઉત્તમ બને છે.

(૧૩૭)બુદ્ધિ મેલી થાય ત્યારે અનીતિ નીતિ જેવી લાગે છે.

(૧૩૮)બુદ્ધિ મુજબ વિદ્યા ફળ આપે છે.

(૧૩૯)હરાવાય તેવી બુદ્ધિવાળાને વીતી ગયેલી વાતોથી, ખરાબ બુદ્ધિવાળાને ભવિષ્યની વાતોથી અને પાકટ બુદ્ધિવાળાને હાજરજવાબીથી શાંત કરવા જોઈએ.

(૧૪૦)પારંગત બુદ્ધિવાળા સુખી થાય છે.

(૧૪૧)બુદ્ધિ વડે બળવાળો ચઢિયાતો બને છે.

(૧૪૨)શાસ્ત્રને અનુસરનારી બુદ્ધિવાળા મૂંઝાતા નથી.

(૧૪૩)ઈન્દ્રિયોના વિષયોમાં બુદ્ધિશાળી નથી રહેતા, ખરાબ બુદ્ધિવાળા તેમાં જ રહે છે.



(૧૪૪)વૃદ્ધ થવા છતાં માણસો હલકી બુદ્ધિના  રહે છે.

(૧૪૫)મનથી પવિત્ર થયેલી બુદ્ધિ દેવનું વ્રત છે.

(૧૪૬)ડહાપણ વગરના માણસની બુદ્ધિ નાશ પામેલી હોવાથી તત્ત્વને બતાવનારી હોતી નથી.

(૧૪૭)લોકો પોતાને વધારે બુદ્ધિશાળી માને છે.

(૧૪૮)ઈન્દ્રિયરૂપી છિદ્ર મારફત બુદ્ધિ વહી જાય છે.

(૧૪૯)જ્ઞાનને અનુસરનારી બુદ્ધિ અને બુદ્ધિને અનુસરનારું જ્ઞાન ધરાવે તે પાકટ બુદ્ધિનો છે.

(૧૫૦)બુદ્ધિથી મનનું દુઃખ દૂર કરવું જોઈએ.

(૧૫૧)બુદ્ધિ પ્રાણીઓનો આધાર, શ્રેષ્ઠ લાભ, કલ્યાણકારી અને સારા માણસોનું સ્વર્ગ છે.

(૧૫૨)ઈન્દ્રિયોને વિષયોમાંથી ખેંચી લેનારની બુદ્ધિ સ્થિર થયેલી છે.

(૧૫૩)બુદ્ધિ વગરનો પણ ભણેલો માણસ શાસ્ત્રનો અર્થ જાણતો નથી.

(૧૫૪)બુદ્ધિશાળી અને નીતિજ્ઞ માણસ આફતમાં ડૂબતો નથી.

(૧૫૫)બુદ્ધિશાળી માણસ ખોટા બબડાટમાંથી સારું અને સારરૂપ વાક્ય લઈ લે છે.

(૧૫૬)બુદ્ધિશાળી કાળને વશ થાય છે.

(૧૫૭)બુદ્ધિશાળી જ્યાં સારું કે ખરાબનો વિવેક ન હોય ત્યાં વાત કરતો નથી.

(૧૫૮)વગર પૂછ્યે કે અન્યાયથી પૂછતો હોય ત્યારે બુદ્ધિશાળીએ બોલવું ન જોઇએ. બુદ્ધિશાળીએ તેવે વખતે જડની જેમ વર્તન કરવું જોઇએ.

(૧૫૯)નસીબ વડે જ સુખ મળે છે.

(૧૬૦)શ્રમ વગર નસીબની પાછળ પડનાર નાશ પામે છે.

(૧૬૧)કર્મ જ સાચું છે. નસીબને નપુંસકો ઉપાસે છે.

(૧૬૨)સૈન્ય વિના એકલું નસીબ રાજાને યારી આપતું નથી.

(૧૬૩)નસીબ અને પુરુષાર્થ બન્ને નકામાં જાય ત્યારે સત્ત્વનો આશરો લેવાથી શોક થતો નથી.

(૧૬૪)સારી રીતે પુરુષાર્થ કરવાથી રાજા ઉપર નસીબ મહેર કરે છે.

(૧૬૫)બીજાનું હિત ના કરે અને પોતાની વીરતાને શરમાવે એવું કામ ન કરવું જોઇએ.

(૧૬૬)પુરુષાર્થ (= ખેતર) અને નસીબ (= બીજ)ના મળવાથી ફળ (=અનાજ)મળે છે.

(૧૬૭)સતત પ્રયત્ન કર્યા પછી નસીબ વડે કાર્ય સમાપ્ત થાય છે.

(૧૬૮)પુરુષાર્થ વગર નસીબ ફળતું નથી.



(૧૬૯)મહેનતથી વિદ્યા, તપ કે ધન મળે છે.

(૧૭૦)મહેનતથી મદદગાર મેળવનારનું કામ સફળ થાય છે.

(૧૭૧)ઉદ્યમ કરનાર વાતો કરનારને હરાવે છે. વીરતા ઉદ્યમ કરવામાં છે.

(૧૭૨)ઉદ્યોગ વગરનો રાજા શત્રુઓના અપમાનને લાયક બને છે.

(૧૭૩)પ્રયત્નથી રાક્ષસોને મારી ઈન્દ્રે અમૃત અને સ્વર્ગનું રાજ્ય મેળવ્યાં છે.

(૧૭૪) કર્મ નહીં કરનારને સફળતા મળતી નથી.

(૧૭૫)કર્મ મૃત્યુ પછી પણ મનુષ્યને છોડતું નથી.

(૧૭૬)કરેલું કર્મ નાશ પામતું નથી, પરંતુ કરનારને જ કર્મ ભોગવવું પડે છે.

(૧૭૭)અભિમાનથી નહીં, ત્યાગ સાથેનું કામ મોટું ફળ આપે છે.

(૧૭૮)કર્મયોગ કરવાથી ઇચ્છેલું મળે છે અને નહીં ઇચ્છેલું ફળ મળતું નથી. જ્ઞાનયોગથી ઇચ્છેલું ફળ મળતું નથી. જ્ઞાનયોગથી ઇચ્છેલું કે નહીં ઇચ્છેલું બન્ને ફળ મળતાં નથી.

(૧૭૯)પ્રાણી પોતે પોતાના માટે કર્મ કરે છે.

(૧૮૦)મનુષ્યનો અધિકાર કર્મ કરવામાં છે, ફળમાં નહીં. ફળનું કારણ ના બનવું, નહીં કરવા જેવા કામમાં આસક્ત ન થવું જોઇએ.

(૧૮૧)જગત કર્મ કરવાની જગ્યા છે, જ્યારે સ્વર્ગ ફળ મેળવવાનું સ્થળ છે.

(૧૮૨)પોતાનાં કર્મો ન કરવાથી શું થાય એનો વિચાર કરીને જ કરવાં.

(૧૮૩)નસીબ અને પુરુષાર્થ બંને જોડાય તો જ કાર્ય સફળ થાય છે.

(૧૮૪)આપણાં કર્મો મુજબ આપણને જ પાપ અને પુણ્ય મળે છે, બીજાને નથી મળતું.

(૧૮૫)કર્તા અને કર્મ હંમેશાં જોડાયેલાં હોય છે.

(૧૮૬)કર્મ હંમેશાં કર્તાને અનુસરે છે, તેને છોડતું નથી.

(૧૮૭)પરહિત કરનારું અને શૂરવીરને ગૌરવ અપાવે તેવું કાર્ય કરવું જોઇએ.

(૧૮૮)કરેલું કાર્ય કરનારને કે છેવટે તેના પુત્રો કે પ્રપૌત્રોને ફળે છે.

(૧૮૯)સંતાપ આપે તેવાં કર્મો ના કરવાં જોઇએ.

(૧૯૦)કર્મમાં કુશળતા એટલે યોગ.

(૧૯૧)મનુષ્યે પોતાનાં કર્મો વડે ખુશ કહેવું જોઇએ.

(૧૯૨)પોતાનાં કર્મોમાં લાગેલો માણસ મોક્ષ મેળવે છે.

(૧૯૩)ઉત્સાહ, નિશ્ચય અને દેવકૃપાથી કાર્યનું ફળ ઝડપથી મળે છે.



(૧૯૪)પવિત્ર મનથી યોગ્ય પાત્રને આપેલું નાનકડું દાન પરલોકમાં અનંત ફળ આપે છે.

(૧૯૫)બાળપણ, યુવાની કે ઘડપણમાં કરેલું કાર્ય તે જ અવસ્થામાં ફળ આપે છે.

(૧૯૬)બુદ્ધિ અને પાઠ પ્રમાણે વિદ્યા ફળ આપે છે.

(૧૯૭)જેવું વાવો તેવું ફળ લણો.

(૧૯૮)જે શરીરથી જે કામ કરે તે શરીરથી તેનું ફળ મેળવે છે.

(૧૯૯)જ્ઞાનનું ફલ ચારિત્ર્યભર્યું વર્તન છે.

(૨૦૦)સિંહની સાથે રહેલું પ્રાણી સિંહ જેવું ફળ મેળવે છે.

(૨૦૧)પ્રયત્ન સાથે ખંત દાખવવાથી સમૃદ્ધિ મળે છે.

(૨૦૨)લક્ષ્મી, લાભ અને શુભનું મૂળ કારણ ઉત્સાહ છે.

(૨૦૩)આશા ખૂબ મોટી અને જાણી ન શકાય તેવી છે.

(૨૦૪)આશા ચોક્કસ સમયે અંત પામે તેવી રાખવી જોઇએ.

(૨૦૫)આશા ધૈર્યનો નાશ કરે છે.

(૨૦૬)ભાવિ સુખની આશાએ વર્તમાન સુખનો ત્યાગ ન કરવો જોઇએ.

(૨૦૭)ઈચ્છા આખી જિંદગી ખરચવા છતાં પૂરી શકાતી નથી.

(૨૦૮)પિતા લાચાર પુત્ર પર વધુ દયા કરે છે.

(૨૦૯)પ્રહાર કર્યા પછી કૃપા બતાવાવી જોઈએ.

(૨૧૦) પોતના પ્રાણ જેવી જ દયા બીજા પર કરવી જોઈએ.

(૨૧૧)શત્રુ પર દયા કરવી જોઈએ નહીં.

(૨૧૨)બધાં સુખોની ઈચ્છા વ્યક્ત કરવી એનું નામ દયા.

(૨૧૩)સંતોષ ઉત્તમ સુખ છે.

(૨૧૪)ગમતી વસ્તુના લાભથી માણસ સંતોષ પામતો નથી.

(૨૧૫)અસંતોષ લક્ષ્મીને મેળવવાનું મૂળ કારણ છે. સંતોષ લક્ષ્મીને ખતમ કરે છે.

(૨૧૬)અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે.

(૨૧૭)અહિંસા સંપૂર્ણ રીતે પાળવી શક્ય નથી તેથી શક્ય એટલી અહિંસા પાળવાથી સુખી થવાય છે.

(૨૧૮)રાજાએ હિંસા કર્યા વિના કર મેળવવો.

(૨૧૯)વૃદ્ધનું અભિવાદન અને સેવન આયુષ્ય વધારે છે.

(૨૨૦)શોક ન કરનારને આરોગ્ય મળે છે.

(૨૨૧)આરોગ્ય શ્રેષ્ઠ અને કલ્યાણકારી લાભ છે.



(૨૨૨)ઈન્દ્રિયો પર કાબૂ રાખનારને ઐશ્વર્ય મળે છે.

(૨૨૩)ઐશ્વર્યથી છકી ગયેલો ઠોકર ખાધા વિના ભાનમાં આવતો નથી.

(૨૨૪)વૃદ્ધની સેવા અને સત્કાર કરનારને કીર્તિ મળે છે.

(૨૨૫)કીર્તિ જ ઉત્તમ બળ છે. કીર્તિ વગરનાનું જીવન નિષ્ફળ છે.

(૨૨૬) કીર્તિ માણસને સજીવન કરે છે. અપકીર્તિ મનુષ્યનો નાશ કરે છે.

(૨૨૭)કીર્તિ આળસુમાં નહીં, શક્તિશાળીમાં રહે છે.

(૨૨૮)ક્ષમા નિર્બળનો ગુણ અને શક્તિશાળીનું ઘરેણું છે.

(૨૨૯)પાપી ક્ષમાને લાયક નથી.

(૨૩૦)ક્ષમા આપનારને લોકો અપમાનિત કરી નિર્બળ માને છે એ દોષ છે.

(૨૩૧)ઈન્દ્રિયો પર કાબૂ રાખનાર જ તપ કરી શકે.

(૨૩૨)તપ બ્રાહ્મણપણાનું બળવાન તત્ત્વ છે.

(૨૩૩)તપ વડે સ્વર્ગ, કીર્તિ, આયુષ્ય,ચઢતી અને ભોગો બધું જ મળે છે.

(૨૩૪)પોતાના ધર્મમાં રહેવું એનું નામ તપ.

(૨૩૫)તપ કરીને ઉપભોગો મેળવવા જોઈએ.

(૨૩૬)તપ વિના શાંતિ મળતી નથી.

(૨૩૭) સત્ય જેવું કોઇ તપ નથી.

(૨૩૮)બ્રાહ્મણનું શરીર કામ માટે નહીં, તપ માટે હોવાથી બ્રાહ્મણે તેમાં મગ્ન રહેવું.

(૨૩૯)મન અને ઈન્દ્રિયોની એકાગ્રતા એ શ્રેષ્ઠ તપ અને ધર્મ છે.

(૨૪૦)સમય આવ્યે રાજાએ તે જ બતાવવું જોઈએ. રાજાએ હંમેશાં એકલું તેજ અથવા એકલી ક્ષમા બતાવવી ન જોઈએ.

(૨૪૧)તેજ ન બતાવનારો અપમાન પામે છે.

(૨૪૨)ચતુરાઈ ધન અપાવનારી વસ્તુઓમાં શ્રેષ્ઠ અને વૃદ્ધિ કરનારી છે.

(૨૪૩)ચતુરાઈથી કામ કરનારનું ધન મજબૂત રહે છે.

(૨૪૪)સુખ ઉપજાવનાર દુઃખ વડે ચતુરાઈ મળે છે.

(૨૪૫)યોગ્ય પાત્રને જ દાન આપવું જોઈએ.

(૨૪૬)દાન, સત્ય અને વફાદારી એ ત્રણ ઉત્તમ વ્રત છે.

(૨૪૭)ધનનું ફળ દાન છે.

(૨૪૮)દાન તરત જ કીર્તિ આપનારું છે.

(૨૪૯)દાન મરનારનું મિત્ર છે અને તે માયાળુ શબ્દો સાથે આપવું જોઈએ.



(૨૫૦)દાન યોગ્ય સમયે અને શ્રદ્ધાથી આપવું જોઈએ.

(૨૩૧)દાન વડે ધન મેળવવું જોઈએ.

(૨૩૨)દાન યોગ્ય વ્યક્તિને યોગ્ય સમયે પવિત્ર મનથી અપાય તો તે અનેક ફળો આપે છે.

(૨૩૩)પાપી માણસને આપેલું દાન દુઃખ આપે છે.

(૨૩૪)દાન શ્રેષ્ઠ ધર્મ છે.

(૨૩૫)જેવું દાન એવો ભોગ.

(૨૩૬)મિત્રને દાનથી જીતનારનું જીવન સફળ છે.

(૨૩૭)ઈર્ષ્યા વગર દાન કરવું જોઈએ.

(૨૩૮)દાન પવિત્ર વસ્તુઓમાં શ્રેષ્ઠ છે.

(૨૩૯)દાનમાં શૂરો એ સાચો શૂરવીર છે.

(૨૪૦)ધૃતિ વૃદ્ધિ કરનારું કારણ છે.

(૨૪૧)ધૃતિ શક્તિશાળી માણસમાં રહે છે.

(૨૪૨)આફતમાં ધૃતિ કલ્યાણકારી છે.

(૨૪૩)ખોબો ધરવો, સોગંદ ખાવા, આશ્વાસન આપવું, પગે પડવું અને આશા રાખવી એ કલ્યાણ ઈચ્છનારનાં કર્તવ્યો છે.

(૨૪૪)કલ્યાણ મેળવવા ઈચ્છનારે પ્રયત્ન સાથે ખંત રાખવો જોઈએ.

(૨૪૫) કલ્યાણ મેળવવા પોતાનો તિરસ્કાર ન કરવો જોઇએ.

(૨૪૬) કલ્યાણ મેળવવા ઇચ્છનારે શત્રુ તરીકે વર્તતતા સગાનું અપમાન કરવું જોઇએ.

(૨૪૭) કલ્યાણ મેળવવા ઇચ્છનારે કોળિયો લઇ શકાય તેવી, પચી જાય તેવી અને હિતકારક વસ્તુઓ ખાવી જોઇએ.

(૨૪૮) કલ્યાણ મેળવવા ઇચ્છનારે સ્ત્રી અને વક્ષ્મીનો સત્કાર કરવો જોઇએ.

(૨૪૯) શ્રદ્ધા, ઇન્દ્રિયો પર કાબૂ અને જ્ઞાન વડે મનુષ્ય પરમ શાંતિ મેળવે છે.

(૨૫૦) જગતના આટલી બધી વસ્તુઓ પણ એક માણસની ઇચ્છાઓ પૂરી કરી શકે એમ નથી એવું માનીને શાંતિ પામવી જોઇએ.

(૨૫૧) યોગ કરવાથી શાંતિ મળે છે.

(૨૫૨) વિદ્યા, તપ, ઇન્દ્રિયો, પર કાબૂ અને લોભનો ત્યાગ એ શાંતિ આપનારા છે.

(૨૫૩) મનુષ્ય અને બીજાં પ્રાણીઓમાં દરેકના ગજા પ્રમાણે શાંતિ મળે છે.

(૨૫૪) માન અને મૌન બન્ને સાથે રહેતાં નથી.

(૨૫૫) માન મૂકવાથી માનીતા થવાય છે.

(૨૫૬) માનને લાયક માન મળે તો જીવતો કહેવાય અને અપમાન મેળવે તો મરેલો કહેવાય.



(૨૫૭) બીજાઓને પોતે માન આપે પણ પોતે માન ઇચ્છે નહીં તે માણસ મુશ્કેલીને તરી જાય છે.

(૨૫૮) માનવતા મેળવવી મુશ્કેલ છે. તે મળ્યા પછી ધિક્કાસ કરનારો છેતરાઇ જાય છે.

(૨૫૯) ચાંડાળમાં માનવતા હોવી સુંદર છે.

(૨૬૦) માનવતા સ્વર્ગનું પગથિયું છે તેથી માનવતા રાખી મનુષ્યે અધોગતિ પમાય નહીં એમ કરવું જોઇએ.

(૨૬૧) દાન, તપ અને સત્યથી નામના મળે છે.

(૨૬૨) શત્રુને યાચના કરવાથી નામના રહેતી નથી.

(૨૬૩) પાકટ બુદ્ધિવાળાને નામના મળે છે.

(૨૬૪) યોદ્ધાને નહીં, સેનાપતિને નામના મળે છે.

(૨૬૫) પૈસાની બાબતમાં પવિત્રતા એ જ સાચી પવિત્રતા છે.

(૨૬૬) લક્ષ્મી અને લાભ ઉત્સાહથી મળે છે.

(૨૬૭) સૌથી કલ્યાણકારી લાભ આરોગ્ય છે.

(૨૬૮) બુદ્ધિ શ્રેષ્ઠ લાભ છે.

(૨૬૯) જેવું કર્મ હોય તેવો લાભ થાય છે.

(૨૭૦) સ્થળ અને કાળ વિચારીને પરાક્રમ કરવું જોઇએ.

(૨૭૧) પરાક્રમ બતાવવું એ ચઢિયાતાપણાની નિશાની છે.

(૨૭૨) જીવવાની ઇચ્છાથી શક્તિ મુજબ પરાક્રમ પૂરેપૂરું ન બતાવનાર

ચોર છે.

(૨૭૩)ક્ષત્રિય પરાક્રમથી મેળવેલી વસ્તુઓથી ખુશ થાય છે.

(૨૭૪)પત્ની સાથેનો માણસ વિશ્વાસ રાખવા યોગ્ય છે.

(૨૭૫)કસોટી કર્યા વિના કોઈનો વિશ્વાસ ન રાખવો.

(૨૭૬)સાથે રહેવાથી મારનારા પર પણ વિશ્વાસ થાય છે.

(૨૭૭)શત્રુને વિશ્વાસ પાડી તે થોડે દૂર જાય એટલે રાજાએ ખતમ કરવો.

(૨૭૮)શત્રુ સાથે સુલેહ કરી તેના પર રાજાએ વિશ્વાસ ન મૂકવો, નહીં તો બળવાન રાજા પણ હણાઈ જાય છે.

(૨૭૯) વિશ્વાસ રાખવાથી સ્વાર્થમાં હાનિ પહોંચે છે.

(૨૮૦)બીજા પોતાનો વિશ્વાસ રાખે તેમ કરવું પરંતુ પોતે કોઈના પર વિશ્વાસ રાખવો નહીં.

(૨૮૧)એકલાનો વિશ્વાસ ના કરવો જોઈએ.

(૨૮૨)વેર બંધાયું હોય તેવો મિત્ર હોય તો પણ તેનો વિશ્વાસ ન કરવો.

(૨૮૩)વિશ્વાસઘાતી પર વિશ્વાસ ન મૂકવો જોઈએ. મિત્ર પર વિશ્વાસ રાખવો.

(૨૮૪)મહત્ત્વનું કામ તરત કરવાથી સામાને આપણા પર વિશ્વાસ થાય છે.

(૨૮૫)હિંમત, ચતુરાઈ, સંયમ, બુદ્ધિ, પોતાની જાત, ધૈર્ય, શૂરવીરતા,





સ્થળ અને સમયની કાળજી એ બધાં વૃદ્ધિ કરનારાં કારણો છે.

(૨૮૬)ચારિત્ર્ય સુખ આપનાર છે.

(૨૮૭)ખરાબ માણસને સેવવાથી ચારિત્ર્યનો નાશ થાય છે.

(૨૮૮)ચારિત્ર્યવાળો બધે વિજય મેળવે છે.

(૨૮૯)ચારિત્ર્ય નાશ પામ્યા પછી જીવન નિરર્થક છે.

(૨૯૦)જ્ઞાનનું ફળ ચારિત્ર્ય છે.

(૨૯૧)શ્રદ્ધા વગરનો માણસ નાશ પામે છે.

(૨૯૨)શ્રદ્ધા ન હોવી એ પાપ છે. તેથી શ્રદ્ધા પાપમાંથી છોડાવનારી છે.

(૨૯૩)શ્રદ્ધા સાથેનું દાન સૌથી ચઢિયાતું અને પવિત્ર દાન છે.

(૨૯૪)શ્રદ્ધા હોવી એ જ્ઞાનીનું લક્ષણ છે.

(૨૯૫)વિદ્યા કે જ્ઞાન મેળવવા શ્રદ્ધા જરૂરી છે.

(૨૯૬)જ્ઞાન ઉત્તમ ધન છે.

(૨૯૭)વિવેક વગરનું જ્ઞાન નકામું છે.

(૨૯૮)જ્ઞાન, તપ અને ચારિત્ર્ય વગરનાને બ્રાહ્મણ ન કહી શકાય.

(૨૯૯)જેનાથી ધર્મનું આચરણ કરવામાં આવે તો સાચું જ્ઞાન છે.

(૩૦૦)જ્ઞાનથી ધર્મ અને અર્થ જણાય છે.

(૩૦૧)અસંયમીનું જ્ઞાન નાશ પામે છે.

(૩૦૨)જ્ઞાનનું ફળ ચારિત્ર્ય છે.

(૩૦૩)સત્ય હજારો અશ્વમેઘ યજ્ઞો કરતાં ચઢિયાતું છે.

(૩૦૪)સત્ય, દાન અને અદ્રોહ એ ઉત્તમ વ્રત છે.

(૩૦૩)સત્ય ઝડપથી સ્વર્ગ આપનારું છે.

(૩૦૪)સત્ય વગર ધર્મ નથી અને સત્ય જેવું કોઈ તપ નથી.

(૩૦૫)સત્ય પ્રાણીઓનું હિતકારક છે.

(૩૦૬)સત્ય બોલવું સારું છે પરંતુ સત્યનું જ્ઞાન થવું મુશ્કેલ છે.

(૩૦૭)જગતમાં દુર્બળ પ્રાણીઓ વડે બળવાન પ્રાણીઓ જીવે છે.

(૩૦૮)પત્ની અજોડ સગો, ઉત્તમ ઉપાય, ધર્મમાં અને જીવનના પ્રવાસમાં ઉત્તમ મદદગાર છે.

(૩૦૯)શ્રમ કરી મદદગાર લેનારનું કાર્ય ક્યારેય નાશ પામતું નથી.

(૩૧૦)મિત્રો પર કૃપા કરવી, શત્રુઓને દબાવવા અને ધર્મ, અર્થ તથા કામ મેળવવાં એ કલ્યાણ છે.

(૩૧૧)લોકો સાથે અતિ સંબંધ કે અસંબંધ કલ્યાણ આપતા નથી.

(૩૧૨)ક્ષત્રિય માટે ધર્મયુદ્ધ કલ્યાણ છે.



(૩૧૩)બુદ્ધિ જગતમાં કલ્યાણ આપે છે.

(૩૧૪)જીવતો રહેનાર માણસ કલ્યાણ મેળવી શકે છે.

(૩૧૫)આત્માનું કલ્યાણ ઈચ્છનારનાં બધાં કાર્યો સફળ થાય છે.

(૩૧૬)પોતાનું કલ્યાણ ઈચ્છનારે ઊંઘ, તંદ્રા, ભય, ક્રોધ, આળસ અને વિલંબથી કામ કરવું એ છ દોષો છોડવા જોઈએ.

(૩૧૭)જ્ઞાનથી મનુષ્ય સંસારનાં બંધનમાંથી મોક્ષ પામે છે.

(૩૧૮)આસુરી સંપદ્ બંધનમાં નાખે છે અને દૈવી સંપદ્ મોક્ષ આપે છે.

(૩૧૯)સજ્જને પોતાની પ્રસંશા ન કરવી જોઈએ.

(૩૨૦)જગતમાં સજ્જનતા ગુણોની પ્રશંસા થાય છે.

(૩૨૧)ધનનો લાભ, સારી તબિયત, પ્રેમાળ અને પ્રિય બોલનારી પત્ની, કહ્યાગરો દીકરો અને પૈસા કમાવી આપતી વિદ્યા એ છ સંસારનાં સુખો છે.

(૩૨૨)નસીબથી જ સુખ મળે છે.

(૩૨૩)સંસારમાં સુખ માણસની પોતાની વિશિષ્ટતાઓથી જ મળે છે.

(૩૨૪)કાળ સુખનું કારણ છે.

(૩૨૫)ચારિત્ર્ય શીઘ્ર સુખ છે.

(૩૨૬)સંતોષ ઉત્તમ સુખ છે.

(૩૨૭)ધર્મમાં પરમ સુખ રહેલું છે.

(૩૨૮)જગતમાં એકલું સુખ કોઇને મળતું નથી, તેથી દુઃખ આવે તો દુઃખી ના થવું.

(૩૨૯)સમય પાક્યા વિના સુખ મળતું નથી.

(૩૩૦)સુખ માટે ધન એકલું જ પૂરતું નથી.

(૩૩૧)ત્યાગ શ્રેષ્ઠ સુખ આપે છે.

(૩૩૨)પુત્રનો સ્પર્શ સૌથી વધુ સુખ આપે છે.

(૩૩૩)મળી રહેલા સુખનો ત્યાગ કરી ભાવિ સુખની આશા રાખવી એ મૂર્ખામી છે.

(૩૩૪)શોક ન કરનારને અનંત સુખ મળે છે.

(૩૩૫)તૃષ્ણા નાશ પામવાથી પરમ સુખ મળે છે.

(૩૩૬)જે પ્રિય અને ઇચ્છેલું હોય તે સુખ કહેવાય.

(૩૩૭)શાસ્ત્રને ના માનનારને સુખ મળતું નથી.





(૩૩૮)આળસ છોડનારને સુખ મળે છે.

(૩૩૯)શુભ કાર્યથી સુખ મળે છે.

(૩૪૦)આશા ન રાખવી એ શ્રેષ્ઠ સુખ છે.

(૩૪૧)જગતમાં સુખ કરતાં દુઃખ વધારે છે.

(૩૪૨)સુખ ઇચ્છનારને વિદ્યા મળતી નથી.

(૩૪૩)શાસ્ત્ર કરતાં આચાર શ્રેષ્ઠ છે.

(૩૪૪)આચાર ધર્મનો છેડો છે.

(૩૪૫)રાજા જે આચાર કરે છે તે પ્રજાને પસંદ પડે છે.

(૩૪૬)ધનની ઇચ્છાથી છવાયેલા આ જગતમાં કોઇ કોઇનું પ્રિય નથી.

(૩૪૭)જગતમાં સૌથી વધુ પ્રિય આત્મા કે પોતાની જાત છે.

(૩૪૮)કંઇક કર્યા વગર જગતમાં પ્રિય કે અપ્રિય મળતું નથી.

(૩૪૯)માન મૂકનાર પ્રિય કે માનીતો થાય છે.

(૩૫૦)જેને જે પ્રિય હોય તે જ સુખ કહેવાય છે.

(૩૫૧)જેને પ્રિય થોડું હોય છે એને અપ્રિય પણ થોડું હોય છે.

(૩૫૨)હિતકારક અપ્રિય વાત કહેનાર અને સાંભળનાર દુર્લભ છે.

(૩૫૩)સારા અને ગુણવાળા માણસો ગુણોની કદર કરે છે.

(૩૫૪)સારા માણસો પોતાના બળ કે ગુણના વખાણ કરતા નથી.

(૩૫૫)સારા માણસોના ઘરમાં મહેમાનને જગ્યા, પાણી, ઘાસ અને સારી વાણી હંમેશાં મળી રહે છે.

(૩૫૬)સારા માણસ માટે શાસ્ત્ર આંખ જેવું છે.

(૩૫૭)સારા માણસનું રક્ષણ રાજા કરે છે.

(૩૫૮)વિદ્યા, ધન અને કુળ સારા માણસને કાબૂમાં રાખે છે.

(૩૫૯)સારા માણસો નિર્બળ હોય તો પણ પત્ની રક્ષણ કરે છે જ.

(૩૬૦)સારા માણસો પરોપકારી હોય છે.

(૩૬૧)મૌન રાખવાથી કે જંગલમાં રહેવાથી જ મુનિ નથી થવાતું.

(૩૬૨)પોતાનું કામ કરી વનમાં રહેતા મુનિ પર પણ લોકો દોષનો આરોપ કરે છે. માટે મુનિએ તેને માટે દુઃખ ન લગાડવું.

(૩૬૩)મહાભારત કદમાં મોટું અને ભારેખમ છે.

(૩૬૪)ધર્મ, અર્થ, કામ અને મોક્ષની બાબતમાં મહાભારતમાં જે છે તે જ બીજે છે, મહાભારતમાં નથી તે બીજે પણ નથી.

(૩૬૫)છ વેદાંગો સાથે વેદો, અઢાર પુરાણો અને બધાં શાસ્ત્ર એ બધાંની સામે એકલું મહાભારત જ પૂરતું છે.

(૩૬૬)મહાભારત જ્ઞાન આપનારું છે.

(૩૬૭)મહાભારત રત્નોનો ખજાનો છે.

(૩૬૮)તમારી હસ્તી જ પ્રભુની હસ્તીની સાબિતી રૂપ છે. એથી વધુ





સ્પષ્ટ સાબિતી માટે ફાંફાં મારી સમય અને શક્તિનો વ્યય ન કરો.

(૩૬૯)દરેક વિષયનું સંપૂર્ણ મનન કરો; માત્ર વાંચ્યું અથવા સુણ્યું એ કાંઇ ખરાપણાની દલીલ નથી.

(૩૭૦)તમારામાં જ્ઞાનનો અખૂટ ભંડાર છે. મનનરૂપી યંત્રથી તેને બા'ર લાવતાં શીખો.

(૩૭૧)શિખર પર ફરનારને નીચેના માર્ગોનું અને ભોમિયાનું વિસ્મરણ થઈ જાય છે.

(૩૭૨)વ્યવહારમાં સહનશિલતાને સ્થાન ન મળે તો સંસાર દોઝખ બની જાય છે.

(૩૭૩)મોહને તિલાંજલી ન દેવાય ત્યાં સુધી ખરૂં સુખ પ્રાપ્ત ન થાય.

(૩૭૪)ઉશ્કેરાયેલી વૃત્તિઓને શાન્તિના શસ્ત્રથી દબાવી દેજો.

(૩૭૫)ક્રોધ આવે ત્યારે મૌન સેવજો.

(૩૭૬)બીજાઓને લૂંટીને મોજ ઊડાવવા કરતાં કંદમૂળ અને વલ્કલવાળા યુગને અપનાવી લેજો.

(૩૭૭)માનવીનું હૃદય એ ઈશ્વરનું સિંહાસન છે. એને દુઃખી કરશો તો ઈશ્વરને દુઃખી કરવા સમાન છે.

(૩૭૮)શ્રીમંતોને દેખી ગરીબોને યાદ કરશો તો ઈર્ષા નહિ થાય.

(૩૭૯)અપ્રમાણિકતાથી લાખો મેળવવા કરતાં પ્રમાણિકતાથી પાઈ

મેળવશો તો એ લાખોનું સુખ આપશે.

(૩૮૦) ઝગારા મારતી મહોલાતો ગરીબોના રૂધીરથી રંગાયેલી હોય. તો તેનો ત્યાગ કરી સાધારણ પ્રણકુટિરમાં જીવન પૂર્ણ કરજો.

(૩૮૧) દયાહિન થવા પ્રથમ મૃત્યુને ભેટવું ઉત્તમ છે.

(૩૮૨) કુદરતના વિકાસ ક્રમને ગતિમાન થવા દો; એ ક્રમને અંતરાયોમાં અટવાવા દેશો તો વિનાશના પંથે ઘસડાઈ જશો.

(૩૮૬) બીજાના ટેકે ઊભા રહેવા કરતાં તમારા પગ પર જ ઊભા રહેજો; પછી ભલેને પડી કેમ ન જવાય?

(૩૮૭) જ્ઞાનના અમૃત પાનના ઘૂંટડા પીને મસ્ત બનવું હોય તો બકવાસ મૂકી મૌન ધારણ કરજો.

(૩૮૮) જીવનને જીવી જાણતાં ન આવડતું હોય તો તમારામાં અને પશુઓમાં તફાવત નથી.

(૩૮૯) મૃત્યુના ભયને ફગાવી દો; મૃત્યુ ભયપ્રદ નથી; મૃત્યુ, નૂતન જીવનનું સુખમય પ્રભાત છે.

(૩૯૦) ધીરજથી ગમે તેવા અજીત કીલ્લાઓને સર કરી શકાય છે; અને ગમે તેવા ઉશ્કેરાયેલા વાતાવરણને શાન્ત પાડી શકાય છે.

(૩૯૧) સત્સંગથી જ્ઞાની અને નઠારી સોબતથી મૂર્ખા ઉત્પન્ન થાય છે.

(૩૯૨) આદર્શ જીવન એ મનુષ્ય જીવનની ઉત્તમ દશા છે.

(૩૯૩) જે કેળવણી જીવનને આદર્શ ન બનાવે તે કશા જ અર્થની નથી.

(૩૯૪) અજ્ઞાનીઓની સંગતિ નિર્જીવ બનાવી દેશે; ચેતનાના ઉત્કૃષ્ટ





સ્વભાવનું કારમું મૃત્યુ કરી દેશે.

(૩૯૫) વિશ્વપ્રેમની ઉન્નત ભાવનાને રાષ્ટ્રભાવના કચડી નાખે છે.

(૩૯૬) વિટમ્બણાઓ જીવનને જાગતું રાખનાર અદષ્ટ્ર ચીટકીઓ છે.

(૩૯૭) સાહસ વિનાનું જીવન નિર્માલ્ય છે, સાહસ થકી જ જીવનમાં ઉચ્ચ શિખરો પર વિહાર કરી શકાય છે.

(૩૯૮) ભૂલો માટે પશ્ચાતાપ કરી રૂદન ન આરંભો; અનેક ભૂલો જ ખરા જીવનની માર્ગદર્શિકાઓ છે.

(૩૯૯) સૌંદર્ય પ્રભુની જ્યોતિ છે.

(૪૦૦) પરાક્રમનું પરિણામ પ્રારબ્ધ છે.

(૪૦૧) સાદાઈ એ જીવનનું અણમોલું ભૂષણ છે.

(૪૦૨) પંડિતાઈ એ જ્ઞાન નહિ કિન્તુ અનુભવ જ ખરૂં જ્ઞાન છે.

(૪૦૩) મધમાંખી જેમ સુવાસમાંથી મધસંચય કરે છે તેમ જગત્‌ના સર્વ સાહિત્યમાંથી જ્ઞાન મેળવો.

(૪૦૪) કર્મ વિનાની પંડિતાઈ જીવન રહિત દેહ સમાન છે.

(૪૦૫) મનના દ્વાર નિરંતર ઉઘાડાં રાખો જેથી સત્ય સહેલાઈથી તેમાં પ્રવેશી શકે.

(૪૦૬) વાણીને અસ્પષ્ટ બનાવી તમારા સુન્દર વિચારોને જનતા માટે અગ્રાહ્ય ન બનાવો. તેને સરળ અને સચોટ બનાવી જનતાને તે ઝીલી લેવા દો.

(૪૦૭)જગત્માત્રથી સંસ્કૃતિ એક ન થાય ત્યાં સુધી પ્રજાઓ એક ન બની શેત.

(૪૦૮) પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એકાગ્રતા અનિવાર્ય છે.

(૪૦૯)આત્મા કદિ ગુલામ નથી, તમારા વિચારો જ તેને ગુલામ બનાવે છે.

(૪૧૦)આ જગતનું અરે પ્રથમ તો તમારા શરીરનું જ તમને ભાન નથી, ત્યારે બીજી દુનિયાની વાતો કરવાનો ડોળ ન કરો.

(૪૧૧)એરણની ચોરી અને સોયનું દાન કરી કોઇ ઘડીભર જગતને છેતરી શકશે; કિન્તુ અન્તે સત્ય પ્રકાશી ઉઠતાં તેનું સ્થાન ક્યાં હશે તે જાણી લો.

(૪૧૨)તૃષ્ણાઓ બન્ધન રૂપ છે, મૃત્યુ પછીય દીર્ઘ કાળ પર્યંત એ દુ:ખની ચીટકીઓ ભરતી રહે છે.

(૪૧૩)જગત મિથ્યા છે જગત મિથ્યા છે એવી બૂમો બહુ સાંભળી, એ પર લક્ષ્ય ન આપો.

(૪૧૪)જગત સુન્દર છે એનાથી બને તેટલો લાભ ઉઠાવો.

(૪૧૫)શરીર એ ઈશ્વર મંદિર છે, અને આત્મા એ ઈશ્વરનો અંશ છે, એનું રક્ષણ એ મનુષ્ય માત્રનો ધર્મ છે.

(૪૧૬)આંધળાની પાછળ થોડે દૂર જવા કરતાં દેખતાની પાછળ જવામાં વર્ષો વહી જાય તે માટે પસ્તાવો કરશો નહીં.

(૪૧૭)કૂવામાં પાણી હશે તો જ હવાડામાં આવશે, પ્રથમ કૂવો દેખીને જ પાણી કાઢવા યત્ન કરજો, નહિ તો નાસીપાસ થશો.

(૪૧૮)ક્યારેક ધાર્મિક સ્થળો પક્ષપાતના ઘરો બની જતા હોય છે.

(૪૧૯)આકાશમાં ઉડવું અને પાણી પર ચાલવું એ કંઇ જ્ઞાનીદશા નથી.



(૪૨૦)સત્યને સમજવું એ કંઇ નાની વાત નથી.

(૪૨૧) મહાત્મા તરીકે દુનિયા તમને ઓળખે નહિ તેની ફીકર કરતા નહિ, પણ દુનિયાને તમે કેટલા ઉપયોગી છો તેની જ ફીકર કરશો.

(૪૨૨)હજારો જાતના નિયમો દેખાડી માણસોને ગભરાવી ન દો, તેમની બુદ્ધિને ખીલવા દો, જીવનના રહસ્યોનો ઉકેલ એ લોકો સ્વયં બુદ્ધિ દ્વારા કરી લેશે.

(૪૨૩)પ્રેમ મિલનના માર્ગે લઇ જાય છે. તમારા રોમે રોમમાં ખૂંપી ખૂંપીને ભરી દો એટલે મિલનને પ્રાપ્ત કરતાં વાર નહિ લાગે.

(૪૨૪)સાફ કાચમાં ધાબા ન હોય, જ્ઞાની જીવન સાફ કાચ સમાન છે.

(૪૨૫)વેષધારી સાધુ ફકીરો તેમની માયાવી કફનીમાં પૂરેપૂરા પિશાચ હોય છે. મહાત્માઓને કદી પણ વેષ ધારણ કરવા પડતા નથી.

(૪૨૬)લોકોની મહેનત અને પરસેવા પર તાગડધિન્ના કરનાર પૂરેપૂરા બદમાશો છે, પછી ભલેને તે પૂજનીય કેમ ન હોય?

(૪૨૭)જગતમાં હજારો જાતની વિદ્યાઓ છે, તેમાં કરામતો કિંવા ચમત્કારોનો પણ સમાવેશ થાય છે.

(૪૨૮)જ્ઞાન અને ધ્યાન એક નહિ થાય ત્યાં સુધી માળાના જાપ નિરર્થક છે.

(૪૨૯)પશુઓની રક્ષા કાજે રમખાણ મચાવી મનુષ્યોને રહેંસી નાંખવા કરતાં મનુષ્યોને બચાવી પશુઓના બલિદાનો આપવાં ઈષ્ટ છે.

(૪૩૦)મનુષ્યો પરસ્પર બન્ધુઓ છે, કિન્તુ એ બન્ધુત્વ, ધર્મ અને જ્ઞાતિઓના વાડાઓએ છૂંદી નાંખ્યું છે, જ્યાં સુધી માનવ જાત એ બે દુર્ગોને તોડીને મિટાવી નહીં દે ત્યાં સુધી શાન્તિ અને બંધુતા થવી અશક્ય છે.

(૪૩૧)પારણામાં ઝુલતા બાળને નીતિનાં હાલરડાંથી જ જ્ઞાન આપવાની શરૂઆત કરો.

(૪૩૨)નીતિ એટલે નિત્ય તિર્થ, પોતાના આત્માનું તિર્થ પોતા માટે તે જ બીજા માટે, આ નીતિની વ્યાખ્યા.

(૪૩૪)એક પ્રવાસી જેમ જગતમાં જીવો, જેથી અંતઃકાળે જગત્ વિસરી જવાય, અને શાન્તિથી આત્માને પરમાત્માને સોંપી દેવાય.

(૪૩૫)છ દિવસમાં ઈશ્વરે સૃષ્ટિ રચી અને સાતમા દિવસે થાક ખાધો. આવી બિન પાયાદાર વાતો જોડી મહાન જગત્ કર્તાને સાધારણ મનુષ્યની પાયરીમાં ન બેસાડો.

(૪૩૬)ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ એ મહાનતાની નિશાની નથી જ, એ ભ્રમ દૂર કરો, કારણ કે તેજ મનુષ્ય ઉચ્ચ છે, તેજ મહાન છે જે સંસારને વધુ ઉપયોગી હોય.

(૪૩૭)બીજાઓને સહાય ન કરી શકો તો કાંઇ નહીં, કિન્તુ તેમને નુકશાન પહોંચાડવાની ચેષ્ઠા કદી પણ ના કરતા.

(૪૩૮)રખડેલ બાળકો જેવું જીવન જીવવું હોય તો ભલે, પણ યાદ રાખજો, તમારી કિંમત વરસાદમાં જન્મતા કીડાથી વિશેષ નહિ હોય.

(૪૩૯)ભૂતકાળ સારો ન હતો માટે વર્તમાન પણ સારો ન જ હોય એ સિદ્ધાંત ખોટો છે. વર્તમાન સારો હોય તો ભાવિની ચિન્તા આજે કરી દુઃખી થવું ન જોઈએ, જેનો વર્તમાન સારો તેનું ભવિષ્ય પણ સારૂં જ હશે.

(૪૪૦)મજૂરી કરતાં શરમ આવે તો અનાજ આરોગવાનો તમને અધિકાર નથી, સેંકડો માનવ બન્ધુઓની મજૂરીના પ્રસ્વેદ ટપક્યા પછી જ એ તૈયાર થયું હોય છે.

(૪૪૧)દશ રૂપિયાની ગુલામી નોકરી મેળવવા આકાશ પાતાળ એક કરવા કરતાં સ્વતંત્ર ધંધો એક પાઈની ઉપજવાળો પણ કરતાં માનવીએ જરાપણ ખચકાવુ ન જોઈએ.



(૪૪૨)એક પ્રવાસી જેમ જગતમાં જીવો, જેથી અંતઃકાળે જગત્ વિસરી જવાય, અને શાન્તિથી આત્માને પરમાત્માને સોંપી દેવાય.

(૪૪૩)આપણી આધુનિક કેળવણી ખરેખર શોચનિય છે. શાળાઓમાં ગોખણપટ્ટી દાખલ કરી કુમળાં બાળકોની વિચારશક્તિ પ્રથમથી જ પ્રહારો ખાઈને નાશ પામે છે.

(૪૪૪)હજારો ગરીબો જ્યાં સુધી અનાજના દાણાના મોહતાજ ન થાય ત્યાં સુધી એક શ્રીમંત ઉભો ન થાય.

(૪૪૫)સમાજની કાયા પલટ કેળવણી દ્વારા જ થાય, તમારી બધી જ શક્તિ કેળવણી પ્રત્યેજ એકત્ર કરો, અંતે બધી જ પ્રત્યાઘાતી વલણનો અંત આવી જશે.

(૪૪૬)ભાષાનું જ્ઞાન થયા પછી શાળાઓની અને સત્યનું જ્ઞાન થયા પછી પુસ્તકોની જરૂર રહેતી નથી.

(૪૪૭)કરકસર કરતાં શીખો, પાઈ બચાવશો તો રૂપિયો બચાવી શકશો, જગત્માં જે લોકો કરોડોનું દાન કરી ગયા છે તે તેમની કરકસર વૃત્તિનેજ આભારી છે.

(૪૪૮)તમારે ઊંચે ઊડવાને પાંખો નથી પણ ચાલવાને પગો છે, નિરાશ અને નાહિંમત એટલા માટે ન થાવ, પ્રયત્ન કરો આકાશમાં ઊડી શકશો.

(૪૪૯)હે નાસ્તિકો! જગત છે અને ઈશ્વર નથી એમ જ્યાં તમે કહો છો ત્યારે તો એમ જ કહેવું પડશે કે લગામ છે અને ઘોડો નથી. વાસણ છે અને કુંભાર નથી.

(૪૫૦)પશુ અને પંખીઓના રક્ષણ માટે તનતોડ મહેનત કરો છો, ત્યારે બીજી બાજુએ તમારા માનવબન્ધુઓને એક યા બીજી રીતે સંતાપતાં તમને દયા કેમ નથી આવતી?

(૪૫૧) એક ટેબલ પર સાથે બેસી તમને પસંદ પડે તે વાનગીઓ તમે ખાવ, અને બીજાઓને જે પસંદ પડે તે ખુશીથી તેમને ઉપાડવા દો.

(૪૫૨)જગતમાં નિર્બલની કાંઇ જ હસ્તી નથી. કુદરત પણ સબળને બચાવી નિર્બલનો નાશ કરે છે, ત્યારે આપણા સર્વની શશક્ત બનવાની ફરજ નથી?

(૪૫૩)પાપ અને પૂન્ય એ શબ્દો મૂળથી જ ભય અને લાલચ બતાવે છે, ઇચ્છા રહિત કર્મ વિના જ્ઞાન સ્વપ્નવત્ છે.

(૪૫૪)ભૂતકાલીન કારકિર્દી પર અશ્રુપાત કરવા કરતાં વર્તમાન પાસેથી બને તેટલો લાભ ઉઠાવવા યત્ન કરવો જોઇએ.

(૪૫૫)હસતા સંસારીઓ અને મૌનધારી સાધુઓથી ચેતતા રહેજો, એ બંન્ને પોતાની કળાઓમાં પૂર્ણ હોય છે, દાવ પડે થપ્પડ લગાવતાં તેમને વાર નથી લાગતી.

(૪૫૬)એક હૃદય મંદિરને બચાવતાં હજારો મંદિરોને તૂટવા દેજો, અને ત્યારે જ ધર્મના રહસ્યને તમે પામી શક્યા છો એમ કહી શકાય.

(૪૫૭)દયા, અનુકમ્પા, સહનશિલતા, ક્ષમા અને ભ્રાતૃભાવનાના ગુણો સમાજમાં દૃષ્ટિગોચર થતા નથી એ પરથી સ્પષ્ટ નથી થતું કે ધર્મના વર્ષોના પ્રયાસો મિથ્યા ગયા છે?

(૪૫૮)શારીરિક વ્યાધિઓ અને સંસારિક ઉપાધિઓ કોઇ પણ જીવને છોડતી નથી, માત્ર સહનશિલતાજ એ સર્વને હંફાવી વિજય અપાવે છે.



(૪૫૯)મરતાં પહેલા તમારી મિલ્કતની વ્યવસ્થા કરી દો, કારણ કે વારસો ઘણા ભાગે ગંધાતા માંસનું રૂપ ધારણ કરે છે જે ઉપર કાગડાઓ અને ગીધોની જેમ સંતાનો મરી ફીટે છે.

(૪૬૦)સંતાનોને નાણાંનો વારસો આપવા કરતાં જ્ઞાનનો વારસો આપો.

(૪૬૧)ઈશ્વરને ઓળખવા માટે પ્રાર્થના સાથે ચિન્તનની જરૂર છે, માત્ર આજીજી કરવાથી કોઈની ઓળખ થવી અસંભવિત છે.

(૪૬૨)જીભથી ઈશ્વર ઈશ્વર કરે શું વળવાનું છે? મુખ બંધ રાખી જ્યાં સુધી ધ્યાનથી સૃષ્ટિમાં લીન નહિ થવાય ત્યાં સુધીએ વ્યર્થ છે.

(૪૬૩)ધાર્મિક પુસ્તકોને પોપટ જેમ સમજ્યા વિના ન બોલી જાવ, તેના રહસ્યને સંપૂર્ણ રીતે પામવા યત્ન કરો, જીવન પંથમાં પ્રત્યેક પળે એ તમને માર્ગદર્શક થઈ પડશે.

(૪૬૪)સમડી ગમે તેટલે ઊંચે ઉડતી હોય પણ તેની દૃષ્ટિ જમીન પર પડેલા ગંધાતા માંસના ટુકડાને જ શોધતી હોય છે. તેમ સંસારીઓ ગમે તેટલા આગળ વધેલા હોય તો પણ તેમની ઈચ્છા જમીન પર પડેલી એક પાઈને પણ ઉપાડી લેવાની હોય છે.

(૪૬૫)એક મ્યાનમાં બે તલવારો કદી રહી શકે પણ ઈશ્વરે અને સંસાર સાથે ન જ રહી શકે.

(૪૬૬)વ્યસનો એ મનુષ્યને અધમતાની ઉંડી ખીણમાં ધકેલી દેનાર સાધનો છે.

(૪૬૭)ઈશ્વર પ્રેમીઓને ઈશ્વર, જન્નતના શોખીનોને જન્નત, અને સંસારના ચાહકોને સંસાર મેળવવા મંથન કરવા દો એ સર્વ પ્રતિ તિરસ્કાર વૃત્તિને ન કેળવો.

(૪૬૮)આળસના હાથે વેચાઈ જઈ પ્રમાદી બની બેસી રહેવા કરતાં તો કોઈને કોઈ પ્રવૃત્તિ કરવી સારી, કારણ કે નિરર્થક પ્રવૃત્તિ પણ એક દિવસ સુન્દર પ્રવૃત્તિમાં દોરી જાય છે.

(૪૬૯)જગત્‌માં સર્વ કોઈ પોતાને બાદ કરીને જ બીજાઓની ટીકા કરે છે, કિન્તુ પોતે કેવા છે તે કોઈ જોતું જ નથી.

(૪૭૦)સ્વર્ગમાં ગુલામી પદ પામવા કરતાં નર્કમાં સમ્રાટ અગત્ય છે.

(૪૭૧)નાચગૃહ અને સિનેમામાં જેટલો આનંદ તમે માણો છો, તેટલો જ આનંદ તોપના મુખ સામે ખુલ્લી છાતીએ તમને મળવો જોઈએ. ત્યારે જ તમે સ્વતંત્ર પ્રજા થવા યોગ્ય છો એમ માની શકાય.

(૪૭૨)જેઓ જીવન મુક્ત હોય છે. તેમની નિત્ય દશામાં કદિ ફેરફાર થતો નથી. શૈયામાં સુખની શાન્ત નિંદ્રામાં જેટલો આનંદ તેઓ મેળવે છે. તેટલો જ આનંદ ફાંસીના તખ્તા પર પણ તેઓ પામી શકે છે.

(૪૭૩)નિત્ય સ્નાન, દેહ અને હૃદયને સ્વાસ્થ્ય અને ચંચળતા અર્પે છે. ગરમ દેશમાં વસવાટ કરનાર માટે નિત્ય સ્નાન એક





આવશ્યક વસ્તુ છે.

(૪૭૪)દેહની આરોગ્યતા સ્નાન ઉપરાંત આહાર પર પણ અવલંબિત છે. ખાદ્ય પદાર્થોમાં જેવા ગુણો હશે તેવા દેહમાં આવશે.

(૪૭૫)ક્ષમા એ માનવતાનો અણમોલો શણગાર છે, એ વિના જીવન કુરૂપ છે, અપૂર્ણ છે. જગત્‌ના મહાન આત્માઓએ ક્ષમાના અભિષેકથી તેમના કટ્ટા શત્રુઓને પણ નમાવી દીધા હતા.

(૪૭૬)પગથીયે પગથીયે ચઢતાં અંતે ટોચે પહોંચાય મંજીલને મેળવાય છે, વર્ષો સુધી દેહ અને આત્માને કષ્ટ આપ્યા પછી જ વિરલ પદ પામી શકાય છે.

(૪૭૭)ચારિત્ર્યને ઘડી આદર્શ બનો, નહિ તો બધું જ વ્યર્થ છે. શિક્ષણ જીભથી આપવા કરતાં ચારિત્ર્યથી જ આપો.

(૪૭૮) ગુરુની પાસે શિષ્ય બનીને જ કાંઈ પણ વિદ્યા ગ્રહણ કરી શકાય, ગુરુની પાસે ગુરુ બનવાનો ઘમંડ કરવાનો નિષ્ફળ ચેષ્ટા ના કરતા, હું જ સર્વજ્ઞ છું એ ભાવના તમને પગ પકડીને જમીન પર ચોંડાટી દેશે અને તમે કાંઈ પણ શીખી કે જાણી શકશો નહીં.

(૪૭૯)આદર્શ જીવન વિનાની સંપત્તિ ચાંદની વિનાના આકાશ જેવી છે.

(૪૮૦)માનવી એટલે વિશાળ દૃષ્ટિનું પ્રાણી, માનવીએ તેની દૃષ્ટિ વિશાળ બનાવવી જોઈએ, સંકૂચિત દૃષ્ટિ અધમતાની નિશાની છે.

(૪૮૧)ક્રોધ મનુષ્યનો કટ્ટો શત્રુ છે, શત્રુનો નાશ કરવો જોઈએ. ગમે તેવા પ્રતિકુળ સંજોગોમાં પણ ધૈર્ય અને શાન્તિથી માણસે કાર્યને

અંજામ આપવો જોઈએ.

(૪૮૨)હંમેશા ઉજળી બાજુ તરફ જ નિગાહ રાખો, પુષ્પોની સૌરભ મળતી હોય ત્યાં ઉકરડાની દુર્ગંધના વિચારોને સમૂળગા ત્યજી દેજો.

(૪૮૩)દેહની સ્વચ્છતા માટે જેમ સ્નાન અને સુઆહારની જરૂર હોય છે, તેમ આત્માની સ્વચ્છતા માટે ચિંતનની આવશ્યકતા અનિવાર્ય છે.

(૪૮૪)આત્મબળ પ્રાપ્ત કરવા માટે આ ધાંધલીઆ જગત્‌માંથી શાન્તિ માટે થોડા કલાકની ચોરી કરી લેજો.

(૪૮૫)જ્ઞાન, શાન્તિમાં જ શોધી શકાય છે. બુદ્ધ, મહાવીર જીસસ અને ઈસ્લામના મહાન પયગમ્બર સાહેબે વર્ષોની શાન્તિના મહા ઉંડાણમાંથી જ્ઞાન નામના અતિ તેજસ્વી હીરાની શોધ કરી હતી.

(૪૮૬)અખંડ આનંદ એ વિશ્વેશનો સ્વભાવ છે, તમારે પણ એ સ્વભાવ કેળવવા યત્ન આરંભવો જોઈએ.

(૪૮૭)ખોરાક તેવો ઓડકાર, જેવા વિચાર તેવા તમે, દિવ્ય વિચારથી દેવ, અને પિશાચી વિચારોથી પિશાચ.

(૪૮૮)સૃષ્ટિમાં મનુષ્યો સર્વ જીવોમાં શ્રેષ્ઠ છે, કારણ કે તેમનામાં બુદ્ધિનો અણમોલ ખજાનો પડ્યો છે.

(૪૮૯)આહાર, નિંદ્રા અને મૈથુન એ ત્રણ ઈન્દ્રિય સુખથી આગળ વધી માનવી આત્મ સુખ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ખરા સુખનાં દર્શન ન થઈ શકે.

(૪૯૦)હે, ઈશ્વરી પ્રેમનો દાવો કરનાર માનવી! તું સહેજ પણ અપમાનિત થતાં ઉશ્કેરાઈ જાય છે. ધૈર્ય, સહનશિલતા, ક્ષમા,





દયા, પ્રેમ અનુકમ્પા એ ગુણોમાંથી ક્યા ગુણને તેં કેળવ્યો એ તો કહે?

(૪૯૧)સ્વર્ગ અને અપ્સરાઓના વિચારો તમને ઈશ્વરી જ્ઞાનથી દૂર રાખશે, પણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી સમસ્ત બ્રહ્માંડ તમારા પગ નીચે આવી જશે.

(૪૯૨)ઉષ્ણ જળના ઝરાઓને હજારો વર્ષોથી લોકો દૈવી ચમત્કારો માનતા હતા, કિન્તુ હમણા થોડા વર્ષોથી કેટલાક બુદ્ધિશાળી ભેજાંઓએ એ ઝરાઓની નીચેથી કેટલીક ધાતુઓની શોધ કરી એ દેવોને નસાડી દીધા છે.

(૪૯૩)શક્તિઓ મનુષ્યની ગુલામ છે, શક્તિને શક્તિના રૂપમાં માનવાથી જ દાસ બનાવાય છે, કુદરતા કારખાનામાં એક માનવીજ સર્વશ્રેષ્ઠ છે.

(૪૯૪)નૈતિક જીવન એ જ આધ્યાત્મિક જીવનની પગથી છે. નૈતિક જીવન સારુ ન હોય ત્યાં સુધી આધ્યાત્મિક જીવનની શરૂઆત ન થાય.

(૪૯૫)વરાળને એકત્ર કરવાથી માણસ હજારો કામ કરી રહ્યો છે, તમારી વિચારરૂપી વરાળને એકત્ર કરશો તો તમે હજારો ચમત્કારો કરી દેખાડશો.

(૪૯૬)બીજાના કાર્યમાં દખલગીરી ન કરો, તમે તમારા જ કાર્યમાં લક્ષ પરોવી તેને સુન્દર બનાવો, પારકી પંચાત વ્હોરી લેતાં તમે પોતાને જ હાનિ પહોંચાડશો.

(૪૯૭)તમે પોતાને સુધારી ન શકો ત્યાં સુધી બીજાને કેવી રીતે સુધારી શકશો?

(૪૯૮) કોઈનુંય જીવન સુધારી ન શકો તો કાંઈ નહિ, કિન્તુ ભલા થઈ

તેના જીવનનું સત્યાનાશ કાઢવાની ચેષ્ટા તો કદી જ ના કરતા, પછી ભલે તેમ કરતાં તમે તમારું ઉચ્ચ સ્થાન ખોઈ બેસતા હો.

(૪૯૯) સ્ત્રી સંસારની જનની છે, એના શરીર અને હૃદયનું જતન કરો, એ તન્દુરસ્ત, બુદ્ધિવાન અને ચારિત્ર્યવાન હશે તો જ ઉત્તમ પ્રજાને જન્મ આપી શકશે.

(૫૦૦) મૂર્ખાઓની દોસ્તી હાનિથી ખાલી નથી હોતી, સર્પોને હજારો મણ દૂધ પીવડાવવામાં આવે પણ એ તો ઝેર જ ઉત્પન્ન કરશે.

(૫૦૧) મૈત્રી કરો તો અન્તકાળ પર્યંત નિભાવી લો, કારણ કે જગત્‌માં સારા મિત્રથી વિશેષ તમારો કોઈ સગો નથી.

(૫૦૨) જ્યાં સુધી તમારી સમદ્રષ્ટિ ન થઈ હોય ત્યાં સુધી મુર્ખાઓના વધુ સહવાસમાં ન આવો, કારણ કે સુન્દર પુષ્પોની સુવાસને હિંગનો જથ્થો દબાવી દે છે.

(૫૦૩) ''આ નહિ થાય, આ નહિ થાય'' એવા નિર્માલ્ય શબ્દો કદી ન ઉચ્ચારો, અશક્યને હાંકી કાઢતાં સદા શક્ય જ રહે છે.

(૫૦૪) જીવનના ભારરૂપ કહેનારાઓ પતનના છેક પાતાળમાં ગબડેલા છે, તેઓ જ્યારે આકાશમાં ઉંચે ઉડવા પ્રયત્ન કરશે તો અનાયાસે તેમના મુખમાંથી એ શબ્દો નીકળી પડશે કે ''જીવન સુન્દર છે. જીવન સુખરૂપ છે.''

(૫૦૫) ઈચ્છા જ સર્વ શક્તિમાન છે. ઈચ્છાથી જ જગત્‌ની ઉત્પત્તિ થઈ છે, અને ઈચ્છા જ સર્વ પરાક્રમો કરાવે છે. ઈચ્છાથી જ ચોર, શાહુકાર, પાપી અને મહાત્મા થઈ શકાય છે.

(૫૦૬) જીવનના ઘડતર માટે સૌથી પ્રથમ નિયમબદ્ધ થવું જોઈએ, કુદરતને જુઓ તેનું પ્રત્યેક કાર્ય નિયમબદ્ધ છે.



(૫૦૭) પરસ્પર અવિશ્વાસ, ઈર્ષા અને ભયની હસ્તી જ્યાં સુધી કાયમ છે, ત્યાં સુધી શાન્તિ થવી અશક્ય છે.

(૫૦૮) સ્વચ્છ અને સુઘડ ન રાખી શકાય એવી મ્હોટી મહોલાતો કરતાં નાના ઘરો અતિ ઉત્તમ છે.

(૫૦૯) વાઘ, સિંહ અને સર્પ જેવાં હિંસક અને ઝેરી પ્રાણીઓ ને પણ દયાથી કબજે કરી શકાય છે. તો કોમલ હૃદયી માનવીને શસ્ત્રોથી તાબે કરવામાં ક્યું ડહાપણ સમાયેલું હશે?

(૫૧૦) ધીરજથી ગમે તેવા અજીત કિલ્લાઓને જીતી શકાય છે, અને ગમે તેવા ઉશ્કેરાયેલા વાતાવરણને શાન્ત પાડી શકાય છે.

(૫૧૧) બળતા માળામાં પંખીઓ રહેતાં નથી તેમ તમારા ક્રોધ અને ઈર્ષાથી બળતા મગજમાં સુન્દર વિચારો આવસે જ નહિ.

(૫૧૨) અક્ષરજ્ઞાન અને હુન્નર એ જીવન રથના બે ચક્રો છે. એ બંનેને સુરક્ષિત કર્યા પછી જ રથને ગતિમાન કરી શકાય.

(૫૧૩) તમારું વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક જીવન જ્યાં સુધી અસ્પષ્ટ હસે ત્યાં સુધી તમારા માટે આધ્યાત્મિક વાતો નકામી છે. પ્રથમના ત્રણ સોપાન ચઢ્યા પછી જ ચોથાની આશા રાખી શકાયને?

(૫૧૪) આધ્યાત્મિક જીવનની શરૂઆત વાતોથી નહિ પણ કર્મથી થઈ શકે, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર એ છ અવગુણોને તિલાંજલી ન આપો ત્યાં સુધી આધ્યાત્મિક જીવનની ઝાંખી દુર્લભ છે.

(૫૧૫) આધ્યાત્મિક જીવનની શરૂઆત માટે શરીરને હાડપિંજર સમુ બનાવવાની જરૂર નથી, એમ કરવાથી દેહનો નાશ થઈ જાય, અને પછી શું મેળવી શકાય?